GJKH010052122019

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૪.૧૦.૨૦૧૯ |
| નોંધ્યા તારીખ | ૦૪.૧૦.૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૩૧.૦૭.૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૬–૦૯–૨૭ |

सत्यमेव जयते

**ખેડા જિલ્લાનાં મહે. મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ અને**
**અધિક ડીસ્ટ્રીકટ જજ સાહેબની અદાલતમાં, મુકામ:– નડીયાદ.**

**એમ.એ.સી.એમ.એ.નં.૭૯૪/૨૦૧૯**
**આંક:–**

**અરજદાર :–** **મંજુલાબેન વજેસિંહ મકવાણા,**
ઉ.વ. ૫૦, ધંધો:– ખેતી તથા ખેત મજુરી,
મુળ રહેવાસી:– નામણ, તા.આંકલાવ,
હાલ રહેવાસી:– ફતેપુરા, તા.નડીયાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા:– ૧.** **ફીરોઝશાહ કાલુશા દિવાન,**
ઉ.વ. પુખ્ત, ધંધો:– ડ્રાઈવીંગ,
રહેવાસી:– બસ સ્ટેન્ડ પાસે,
મુ.વડોદ, તા.જી.આણંદ.

**૨.** **યાસીનભાઇ ગનીભાઇ વ્હોરા,**
ઉ.વ. પુખ્ત, ધંધો:– વેપાર,
રહેવાસી:– મોલ્વીવાળુ ફળીયુ,
મુ.તારાપુર, જી.આણંદ.

**૩.** **ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લી.,**
સરનામુ:– ત્રિમૃતી કોમ્પલેક્ષ,
સ્ટેશન રોડ, નડીયાદ.

<u>બાબત:</u>– **એમ.એ.સી.પી.નં.૨૪૨/૨૦૦૯ રીસ્ટોર કરવા...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી આર.એસ.પટેલ<br>સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી પી.જી.રાણા<br>સામાવાળા નં.૨ તથા ૩ તરફે કોઇ હાજર નથી. |

**-::: ચુ કા દો :::-**

(૧) અરજદારે હાલની અરજી એમ.એ.સી.ટી.(ઓકઝી.) અને ચોથા (એડહોક) અધિક ડીસ્ટ્રીકટ જજ દવારા તા.૦૨.૦૫.૨૦૧૭ નાં રોજ અરજદારની વળતર અરજી એમ.એ.સી.પી.નં.૨૪૨/૨૦૦૯ ના કામે ડિસ્મીસ્ડ ફોર ડિફોલ્ટ કરતો જે હુકમ કરેલ તે કામે તેઓની વળતર અરજી રીસ્ટોર કરવા માટે કરેલ છે.

(૨) અરજદારનાં વિ.વ.શ્રી તરફથી રજુઆત કરવામા આવેલ છે કે, અરજદારે વળતર અરજી કામે તા.૨૧.૧૧.૨૦૧૬ નાં રોજ તેઓનું પુરાવા એફીડેવીટ રજુ કરતા તેઓની જુબાની નોંધવામા આવેલ હોવા છતાં પણ ત્યારપછીની મુદતમાં તેઓને તથા અરજદારને ગેરહાજર ગણી તા.૨.૫.૨૦૧૭ નાં રોજ અરજદારની વળતર અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરેલ છે. જો અરજદારની વળતર અરજી રીસ્ટોર કરવામાં ન આવે તો અરજદારને નાણાથી ના વળી શકે તેવુ નુકશાન થાય તેમ હોય અરજદારની વળતર અરજી એમ.એ.સી.પી. નં.૨૪૨/૨૦૦૯ ફરી ફાઈલે લેવા અરજ ગુજારેલ છે.

(૩) સદર અરજી લગત હુકમ કરી સામાવાળાઓને નોટિસ કાઢવામાં આવેલ જે સામાવાળાઓને બજી ગયેલ છે. સામાવાળા નં.૧ તેઓના વિ.વ.શ્રી પી.જી.રાણા મારફતે હાજર થઈ આંક-૧૩ થી લેખીત જવાબ રજુ કરી અરજદાર તર્ફે સતત ગેરહાજરીના કારણે તેમની પીટીશન ડિસ્મીસ્ડ ફોર ડિફોલ્ટ કરવામાં આવેલ છે. અરજદારે તેઓની અરજીમાં રીસ્ટોરેશન અંગેનુ કોઈ વ્યાજબી કારણ જણાવેલ ના હોઈ અરજી ખર્ચ સહિત રદ્ઢ કરવા અરજ ગુજારેલ છે. સામાવાળા નં.૨ અને ૩ ને નોટીસ બજવા છતાં સામાવાળા નં.૨ અને ૩ ટ્રીબ્યુનલ સમક્ષ હાજર ન રહેતા મારા પુરોગામી ન્યાયધીશશ્રી ધ્વારા તા.૨૩.૦૧.૨૦૨૩ નાં રોજ સામવાળા નં.૨ અને ૩ વિરૂધ્ધ એક તરફી કેસ ચલાવવાનો હુકમ કરેલ છે.

(૪) અરજદારના વિ. વ.શ્રી.ને સાંભળ્યા. તેઓ તેમની દલીલોમાં જણાવે છે કે, નામ. ટ્રીબ્યુનલ ધ્વારા તા.૦૨.૦૫.૨૦૧૭ ના રોજ એમ.એ.

સી.પી.નં.૨૪૨/૨૦૦૯ અરજદારની ગેરહાજરીમાં અરજી રદ કરેલ જેથી સદર પીટીશન રીસ્ટોર કરવા માટે અરજી કરેલ છે તેમજ અરજદારના સીવીલ રાઈટને નુકશાન પહોંચે નહીં તેમજ નામ.ટ્રીબ્યુનલના હુકમના કારણે અરજદારને મોટુ આર્થિક નુકશાન થાય તેમ હોઈ ન્યાયના હિતમાં સદર એમ.એ.સી.પી. રીસ્ટોર કરવા અરજ ગુજારેલ છે.

(૫) અરજીની હકીકતો, બંને પક્ષકારોની દલીલો તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અરજદારે હાલની અરજી અત્રેની ટ્રીબ્યુનલનાં એમ.એ.સી.પી.નં.૨૪૨/૨૦૦૯ કે જે મૂળ સને–૨૦૦૯ માં દાખલ કરવામાં આવેલ અને અરજદારની પીટીશન અરજદારની ગેરહાજરીમાં રદ કરવામાં આવેલ જે રીસ્ટોર કરવા માટે કરવામાં આવેલ છે. અરજદારની સદર અરજી સામે સામાવાળા નં.૧ હાજર રહી સખત વાંધો લેવામાં આવેલ છે પરંતુ અરજીમાં જણાવેલ કારણો તથા અરજદારને તેની રજૂઆત કરવા માટે એક તક મળી રહે અને તેના સીવીલ રાઈટને નુકશાન ન પહોંચે તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. અરજદારની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે.

૨. એમ.એ.સી.પી. નં.૨૪૨/૨૦૦૯ રીસ્ટોર કરી, ફરી ફાઈલે લેવા હુકમ કરવામા આવે છે.

૩. જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, નડીઆદ ખાતે કોસ્ટ પેટે રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) ન–૭ માં ભર્યેથી એમ.એ.સી.પી.નં.૨૪૨/૨૦૦૯ ફરી ફાઈલે નોંધવા હુકમ કરવામાં આવે છે.

૪. પીટશન રદ થયા તારીખથી રીસ્ટોર કર્યા તારીખ સુધીનું વ્યાજ મેળવવા અરજદાર હકકદાર રહેશે નહી.

**૫.** એમ.એ.સી.પી.નં.૨૪૨/૨૦૦૯ રીસ્ટોર થયા બાદ પક્ષકારોએ તા.૩૧.૧૦.૨૦૨૬ સુધીમાં ટ્રાયલ પુર્ણ કરવી અને બીન જરૂરી વિલંબ ન કરવા હુકમ કરવામાં આવે છે.

**૬.** હુકમ અંગે સબંધીત બ્રાન્ચને યાદી કરવી.

**હુકમ આજરોજ તા.૩૧ મી, માહે:-જુલાઈ, સને:-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.**

તા.૩૧/૦૭/૨૦૨૬
સ્થળ: નડીયાદ.

**(હેમાંગ અશ્વિનભાઇ ત્રિવેદી)**
મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ
અને અધિક ડીસ્ટ્રીકટ જજ,
નડીયાદ.
(કોડ નં. **GJ**00591)

(બી.બી.ત્રિવેદી)(ગુજરાતી સ્ટેનો.)(ગ્રેડ-૧)
કોડ નં.કેએચ-૦૧૦૩૧૧